RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 67, Dt.29-05-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ અગ્નિકાંડમાં IPS-IASઓની પણ પૂછપરછ થશે



## ૨૦૨૧થી અત્યાર સુધીના તમામ અધિકારીઓને SIT સમક્ષ હાજર થવા આદેશઃએસઆઈટીની સૌથી મોટી કાર્યવાહીઃ તમામને સમન્સ મોકલી દેવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં અત્યાર સુધીના સૌથી મોટા અહેવાલ સામે આવ્યા છે. તાજેતરની માહિતી અનુસાર એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદીએ નવું ફરમાન જાહેર કરતાં ૨૦૨૧થી અત્યાર સુધીના તમામ ક્લાસ ૧ ઓફિસર્સને એસઆઈટી સમક્ષ હાજર થવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીની મળતી માહિતી અનુસાર એસઆઈટીના વડા સુભાષ ત્રિવેદી સમક્ષ પૂછપરછ હેતુસર કલેક્ટર, પોલીસ અને મ્યુનિસિપલ કમિશનર સહિત તમામ ક્લાસ ૧ અધિકારીઓએ પૂછપરછ માટે હાજર રહેવું પડશે. તેમાં ૨૦૨૧થી અત્યાર સુધી ફરજ પર તહેનાત અધિકારીઓને પૂછપરછ માટે હાજર થવાનું ફરમાન જાહેર કરાયું છે. બધાને સમન્સ મોકલી દેવામાં આવ્યા છે.

અહેવાલ અનુસાર ડીએનએ ટેસ્ટિંગની કામગીરી પૂર્ણ થયા બાદ અત્યાર સુધી ૨૫ જેટલાં પીડિતોના મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. ડીએનએ ટેસ્ટિંગની કામગીરી પૂર્ણ કરાયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ અગ્નિકાંડમાં અત્યાર સુધી ૨૭ના ઉગઅ મેચ થયા છે. ૨૫ના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. જ્યારે ત્રણ મૃતદેહના ઉગઅ મેચ કરવાના બાકી છે. ત્યારે આજે ગાંધીનગરમાં સવા કલાક ચાલેલી બેઠક મળી હતી. આ બેઠક બાદ SIT વડા સુભાષ ત્રિવેદીએ મોટુ નિવેદન આપતા કહ્યું હતું કે કે 'અમારી પાસે પ્રાથમિક તપાસના ૨૪ કલાક જ હતા, રાજ્ય સરકારના ઘણા વિભાગો સંકળાયેલા છે. અને તપાસમાં ઘણો સમય માગી લે એમ છે. પરંતુ દેશમા કદાચ પ્રથમ આવું બન્યું હશે કે ઉગઅ મેચિંગનું કામ ઝડપથી થયું છે.' ગાંધીનગર એફ.એસ.એલ.માંથી ઉગઅનો મેચિંગનો રિપોર્ટ આવ્યા બાદ મૃતદેહોને પોતાના સગાઓને સોંપવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ અગ્નિકાંડ મામલે આજે ગાંધીનગરમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્ત્વની બેઠક મળી હતી. જેમાં SIT વડા સુભાષ ત્રિવેદી, ટેકનિકલ એજ્યુકેશન કમિશનર બંછાનિધી પાની, FSLના ડાયરેક્ટર એચ.પી.સંઘવી, ચીફ ફાયર ઓફિસર જે.એન.ખડિયા, માર્ગ અને મકાન વિભાગના સુપરિટેન્ડિંગ એન્જિનિયર એમ.બીદ.દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## મધ્યપ્રદેશમાં સામુહિક હત્યાકાંડઃ પતિએ પત્ની સહિત પરિવારના ૮ સભ્યોની હત્યા કરી ગળાફાંસો ખાધો

**મુખ્ય સમાચાર, છિંદવાડા**

મધ્યપ્રદેશના છિંદવાડામાં કમકમાટી ભર્યા હત્યાકાંડની ઘટના બની હતી. જીલ્લાના આદિવાસી બહુમતી ધરાવતા વિસ્તારના બોદલકછાટ ગામમાં આદિવાસી પરિવારના શખ્સે પોતાની પત્ની માતા પિતા બાળકો અને ભાઈ સહિત કુલ આઠ લોકોની કુહાડીના ઘા ફટકારી નિર્મમ હત્યા કરી હતી અને બાદમાં ખુદે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

હત્યાકાંડ સર્જી આત્મહત્યા કરનાર શખ્સ માનસિક રીતે બીમાર હોવાનું બહાર આવ્યું છે. આ બનાવમાં એક બાળક જીવ બચાવીને ભાગ્યો હતો. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત અનુસાર હત્યાકાંડ સર્જી આત્મહત્યા કરનાર શખ્સનો પોતાની પત્ની સાથે વિવાદ ચાલતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી માનસિક રીતે વિક્ષિપ્ત હતો તે નશાનો વ્યસની હતો કે નહીં તેની તપાસ ચાલી રહી છે.



## અગ્નિકાંડમાં સસ્પેન્ડેડ અધિકારીના ફરતે ગાળ્યો મજબુત કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટના કાલાવડ રોડ પર સયાજી હોટલ પાછળ આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ૨૮ લોકોના મોત થયાના ચાર દિવસ થઇ ચુક્યા છે. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરીને રિમાન્ડ પર લીધા છે ત્યારે જુદા જુદા વિભાગના સસ્પેન્ડ થયેલા અધિકારીઓ સામે અનેક પ્રકારની તપાસ નીકળે તેવા નિર્દેશ છે. હાલ પોલીસ, મનપા, માર્ગ-મકાન સહિતના વિભાગો જવાબદારીમાંથી છટકવા પ્રયાસ કરી રહ્યાની છાપ ઉપસી રહી છે ત્યારે સરકાર કોઇને બક્ષવાના મૂડમાં નહીં હોવાનું લાગી રહ્યું છે.



મહાપાલિકા, માર્ગ અને મકાન તેમજ પોલીસ વિભાગના જે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેઓની પણ તપાસ કરીને નિવેદન લેવાનું ચાલુ છે. ક્રાઇમ બ્રાંચમાં રાત્રી સુધી અધિકારીઓ બેઠા રહે છે. ટીપી શાખાએ શું કામગીરી કરી? શું ચકાસણી કરી? એ જ રીતે માર્ગ મકાન વિભાગે, પોલીસ વિભાગે અને ફાયર વિભાગ સહિત સંબંધિત તમામ વિભાગના લગતા વળગતા તમામ લોકોએ શું કામગીરી કરી? શું ચકાસણી કરી? સહિતની દિશામાં તપાસ કરવામાં આવશે.

આ જગ્યા બાબતે પણ તપાસ શરૂ કરી ટીપી શાખામાં અરજી કરાઈ હોવાની માહિતી મળી છે. તો એ ક્યારે અને શું કરી હતી અને અરજીના કામે શું કાર્યવાહી થઇ એ પણ તપાસવામાં આવશે. આ સાથે ક્રાઇમ બ્રાન્ચ દ્વારા મહેશ રાઠોડનું નિવેદન લેવામાં આવ્યું. જેમાં તેણે જણાવ્યું હતું કે, પોતે સુપરવિઝન કામ કરતા હતા. તેમના અન્ડરમાં બે માણસો વેલ્ડિંગ કામ કરતા હતા, જે બન્ને હાલ ક્યાં છે તેની કોઈ માહિતી નથી. બનાવ બન્યો ત્યારે આગ લાગવાથી ફસાયેલા લોકોને બચાવવા હું ગયો હતો. ત્યારે હું પણ દાજી ગયો છું. જો કે આગળ મહેશ વિરુદ્ધ કોઈ પુરાવા મળે અને તેની બેદરકારી જણાશે તો તેની ધરપકડ કરવામાં આવી શકે છે.

## મોદી હવે ભૂતપૂર્વ વડાપ્રધાન થવાના છેઃ મમતા બેનર્જી

### મોદીને મે જાહેરમાં ચર્ચા માટે બોલાવ્યા છે તેઓ ઈચ્છે છે તો ગુજરાત આવવા તૈયારઃ દીદીનો પડકાર

**મુખ્ય સમાચાર, કોલકાત્તા**

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના છેલ્લા તબકકાનું મતદાન બાકી છે ત્યારે વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળમાં રોડ શો કર્યો હતો તેમના રોડ શો પહેલા અને પછી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રોડ શો કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મોદી હવે ભૂતપૂર્વ વડાપ્રધાન થવાના છે.

આટલું જ વહી, મમતાએ મોદીને તેમની સાથે જાહેરમાં ચર્ચા કરવા પડકાર સાથે જાહેરમાં ચર્ચા કરવા પડકાર ફેંક્યો છે અને તેના માટે તે ગુજરાત આવવા તૈયાર છે. પીએમ મોદીએ આગાહી કરી હતી કે બંગાળમાં પહેલીવાર ભાજપને એટલી બધી બેઠકો મળવા જઈ રહી છે, જે તેને અત્યાર સુધી મળી નથી.





જો કે, મોદીના દાવાઓથી વિપરીત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી કહે છે કે, રાજકીય હવા બદલાઈ છે અને મોદી થોડા દિવસોમાં પૂર્વ વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે.કોલકાતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોના જવાબમાં મમતા બેનરજીએ શહેરમાં બે રોડ શો કર્યા હતા. એક પીએમ મોદીના કાર્યક્રમ પહેલા અને બીજો મોદીના કાર્યક્રમ પછી.

મંગળવારે દક્ષિણ કોલકાતામાં એક રેલીને સંબોધતા મમતા બેનર્જીએ આગાહી કરી હતી કે થોડા જ દિવસોમાં નરેન્દ્ર મોદી પૂર્વ વડાપ્રધાન બની જશે કારણ કે સ્થિતિ બદલાઈ રહી છે. મમતાએ કહ્યું કે, દેશમાં રાજકીય દિશા બદલાઈ રહી છે અને આ દિશામાં ધ્યાન દોરનાર હું પહેલી વ્યક્તિ છું.

## અગ્નિકાંડમાં મનપાના પૂર્વ ટીપીઓ એમ.ડી.સાગઠીયા તેમજ ફાયર ઓફિસર ડી.જે.ઠેબાને પૂછપરછ માટે ઉઠાવી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


ગત શનિવારે રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડના ઘેરા પડઘા પડયા છે. સરકારના જવાબદારો સામે પગલા લેવાના આદેશ બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. આજે રાજકોટ મનપાના પૂર્વ ટીપીઓ એમ.ડી.સાગઠીયાની કોન્ફરન્સ રૂમમાંથી પોલીસ ઉપાડી ગઈ હતી. ત્યારબાદ તેઓને અજ્ઞાત સ્થળે પૂછપરછ માટે લઈ જવાયા હતા. બાદમાં આ અગ્નિકાંડમાં ફાયરની જવાબદારી અંગે પૂછપરછ માટે ફાયર ઓફિસર ડી.જે.ઠેબાને પણ ક્રાઈમ બ્રાંચની કચેરીએ લઈ જવાયા હતા.

## ફાયર NOC ન હોવાથી ક્રિષ્ના વોટર પાર્ક-ફન બ્લાસ્ટના માલિક સહિત ૮ ગેમ ઝોન સંચાલકો સામે ગુનો દાખલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં થયેલ અગ્નિકાંડમાં ૨૮ લોકોના મૃત્યુ થયા બાદ હવે તંત્ર સફાળું જાગ્યું છે અને ફાયર ગઘઈ ન હોય તેવા ૮ ગેમ ઝોન સંચાલકો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. જેમાં રાજકોટના વર્ષો જુના અને પ્રખ્યાત ક્રિષ્ના વોટર પાર્ક તેમજ ફન બ્લાસ્ટ સહીત ૮ ગેમ ઝોન સંચાલકો સામે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આઇપીસી કલમ ૩૩૬ અને જી.પી.એક્ટ કલમ ૧૩૧(૧) મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે તમામ કલેક્ટરોને એનઓસી વિનાના ધાર્મિક, શૈક્ષણિક અને મનોરંજન સ્થળો સામે પોલીસ ફરિયાદ કરવા આદેશ કરવામાં આવ્યો છે.

રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાં ચાલતા ગેમ ઝોનમાં તપાસ કરી ૮ ગેમઝોનના સંચાલકો સામે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આઇપીસી કલમ ૩૩૬ અને જી.પી. એક્ટ કલમ ૧૩૧(૧) મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. એટલે કે જે કોઈ વ્યક્તિ માનવ જીવન અથવા અન્યની વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકે તેટલું ઉતાવળથી અથવા બેદરકારીપૂર્વક કોઈપણ કૃત્ય કરે છે તેની સામે ફરિયાદ કરવામાં આવેલ છે.



રાજકોટમાં જે આઠ ગેમઝોન સંચાલકો સામે ફરિયાદ થઇ તેમાં વર્લ્ડ ઓફ વન્ડર બોમ્બે સુપરમોલના ભરતભાઈ ખાચર, પ્લે પોઇન્ટ ક્રિસ્ટલ મોલના હિતેશ ઓડેદરા, નોક આઉટ ગેમઝોનના દિવ્યેશ કાકડિયા, કોસ્મોપ્લેક્સ સિનેમાના અંકિત બોઘાણી, ઇન્ફિનિટી ગેમઝોનના રાજ રૈયાણી, ફનબ્લાસ્ટ એન્ટરટેઈનમેન્ટના આશિષ રાઠોડ, વુપી વલ્ડ ગેમઝોનના પંકજ ખોખર અને ક્રિષ્ના વોટર પાર્કના તન્મય મુખરજી સમર ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આઇપીસી કલમ ૩૩૬ મુજબ ફરિયાદ થાય તો ત્રણ મહિના સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડની સજા કરવામાં આવી શકે છે.

# મોરબીના ચકચારી મુસ્તાક મીરની હત્યાના કેસમાં ચાર આરોપીને નિર્દોષ ઠરાવતી કોર્ટ

## એક સાહેદનું અવસાન થયુ અને બીજો સાક્ષી હોસ્ટાઈલ થયો તથા ફરિયાદીના નિવેદનમાં તફાવત હોય બચાવ પક્ષના વકિલની ધારદાર દલીલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં વર્ષ ૨૦૧૭ માં મુસ્તાક ગુલમહમદભાઇ મીરની સુપર માર્કેટ નજીક ભર બજારે અંધાધૂંધ ગોળીબાર કરીને હત્યા કરવાના ચકચારી ખૂન કેસમાં પકડાયેલા મુખ્ય આરોપી સનાળાના હિતુભા ઉર્ફે હિતેન્દ્રસિંહ કરણસિંહ ઝાલા, તેના ભાઇ ધર્મેન્દ્રસિંહ કરણસિંહ ઝાલા અને મૂળરાજસિંહ અજીતસિંહ ઝાલા, પલ્લવર રાવલ સામેનો કેસ ચાલી જતાં મોરબી પિન્સીપાલ સેશન્સ જજએ ચારેય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.




હિતુભા ઝાલા



પલ્લવભાઈ રાવલ



મુળરાજસિંહ જાડેજા



ધર્મેન્દ્રસિંહ ઝાલા

અત્યંત ચર્ચાસ્પદ ખૂનકેસની વિગત મુજબ, ૪ એપ્રિલ ૨૦૧૭ ના રાતે મુસ્તાક ગુલમહમદ મીર એક્ટિવ સ્કૂટર લઇને મોરબીમાં સુપર માર્કેટ નજીકથી પસાર થઇ રહ્યો હતો. આ સમયે આવી ચડેલા હિતેન્દ્રસિંહ સહિતના આરોપીઓએ તેની ઉપર અંધાધૂંધ ફાયરીંગ કર્યા હતા. હુમલામાં ગોળીઓ લાગતા નીચે પકડાયેલા મુસ્તાક પર ધડાધડ ગોળીઓ છોડવામાં આવી હતી. કુલ ૧૦ ફાયર કરીને મુસ્તાકની હત્યા કરી આરોપીઓ ફરાર થઇ ગયા હતા.

હત્યાના બનાવ અંગે મરનાર મુસ્તાકના ભાઇ આરીફ મીરએ નોંધાવેલી ફરીયાદમાં પોતે બનાવ સમયે પોતે મુસ્તાક મીરની પાછળ સ્કૂટર લઇને જઇ રહ્યો હતો ત્યારે હિતેન્દ્રસિંહ અને તેના ભાઇ ધર્મેન્દ્રસિંહના સ્કૂટરની પાછળ બેઠા હતા અને હિતેન્દ્રસિંહે ૧૦ ફાયરીંગ કરીને મુસ્તાક મીરની હત્યા કર્યાનો આરોપ મૂક્યો હતો. આ ઘટનામાં આરીફ મીર ઉપરાંત વિજય વિઠ્ઠલાણી અને સોહિલ નામના કુલ ત્રણ વ્યક્તિને નજરે જોનાર સાહેદ દર્શાવાયા હતા. બનાવ સ્થઇ પરથી ફૂટેલા કારતૂસના ૧૦ ખાલી ખોખા મળી આવ્યા હતા. જ્યારે મરનારના શરીરમાં ખૂંપી ગયેલી ૪ ગોળી કાઢવામાં આવી હતી. પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલું હથિયાર કબ્જે કરી બેલસ્ટિક રિપોર્ટ માટે એફએસએલમાં મોકલી અપાયું હતું.આ કેસ મોરબી પ્રિન્સીપલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બન્ને પક્ષે ધારદાર દલીલ,રજૂઆતો થઇ હતી. ફરિયાદ પક્ષ દ્વાર નજરે જોનાર સાહેદ ઉપરાંત બેલેસ્ટિક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. મરનારના શરીરમાંથી મળી આવેલી ગોળીઓ, સ્થળ પરથી મળી આવેલા ફૂટેલા કારતૂસના ખાલી ખોખા આરોપી પાસેથી કબજે લેવાયેલા હથિયારમાંથી જ ફાયરીંગ કરાયાનો સ્પષ્ટ ઉલ્લેખ હતા. આ કેસમાં એક સાહેદ વિજય વિઠ્ઠલાણીનું અવસાન થયું હતું જ્યારે બીજો સાક્ષી સોહિલ હોસ્ટાઇલ જાહેર થયો હતો.

બચાવ પક્ષે રોકાયેલા રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડિયા, પિયુષ શાહે એવો બચાવ લીધો હતો કે, બેલેસ્ટિક એક્સપર્ટના રિપોર્ટમાં હથિયારની સાઇઝ ૨૦ સે.મી. ની દર્શાવાઇ છે અને કબ્જે કરાયેલું હથિયાર ૧૪.૫ સે.મી.નું હતું. આમ બેલેસ્ટિક રિપોર્ટ અને પોલીસે કબ્જે કરેલા હથિયારના રિપોર્ટમાં તફાવત હોવાથી બેમાંથી એક રિપોર્ટ જ સાચો ગણાય. વધુમાં બેલસ્ટિક એક્સપર્ટના રિપોર્ટ મુજબ ફૂટેલા કારતૂસના ૧૦ ખાલી ખોખા મળ્યા છે એ મુજબ બે હથિયારના છે. આમ ગુનામાં એક થી વધુ હથિયારનો ઉપયોગ થયાનું સ્પષ્ટ થાય છે અને ડોક્ટરે પણ અલગ અલગ દિશામાંથી ગોળીબાર થયાનો અભિપ્રાય આપ્યો હતો. આમ એકથી વધુ હથિયારમાંથી ફાયરીંગ થયાનું સ્પષ્ટ થાય છે પરંતુ પોલીસે માત્ર એક જ હથિયાર કબ્જે કર્યું છે.


બન્ને પક્ષની દલીલ, રજૂઆત, રજૂ થયેલા પૂરાવા, સાક્ષીઓની જુબાની, બેલસ્ટિક એક્સપર્ટ ઓપિનિયન સહિતના પુરાવા ધ્યાને લઇને અદાલતે મુખ્ય આરોપી હિતેન્દ્રસિંહ સહિત ચારેય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપીઓના બચાવ પક્ષે રાજકોટના વિદ્વાન ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડિયા, પિયુષ એમ.શાહ અને મોરબીના એડવોકેટ જીતેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં સામાન્ય ઝઘડામાં ખૂની ખેલ ખેલાયો , છરીના ઘા ઝીંકીને યુવકને મોતને ઘાટ ઉતાર્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં સામાન્ય ઝઘડામાં ખૂની ખેલ ખેલાયો , છરીના ઘા ઝીંકીને યુવકને મોતને ઘાટ ઉતાર્યો.જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં મંગળવારે રાત્રે ક્ષત્રિય યુવાન પર સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ છરીના જોરદાર ઘા ઝીંકી દેતા ગંભીર ઇજા સાથે હોસ્પીટલમાં લઇ જવાતા સારવાર કારગત નિવડે એ પુર્વે જ






દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. જાણવા મળતી વિગત અનુસાર જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં રહેતા સહદેવસિંહ કેશુભા રાઠોડ નામના યુવક સાથે મંગળવારે રાત્રે આઠ વાગ્યાના સુમારે કથિત અંગત અદાવતમાં સામાન્ય બાબતે બોલાચાલી કરી હુમલાખોરો ઉશ્કેરાઇ જઇ છરી વડે તુટી પડયા હતા.જે જીવલેણ હુમલામાં છાતીના ભાગે ગંભીર ઘા ઝીંકી દવાતા લોહીલુહાણ હાલતમાં સહદેવસિંહ ઢળી પડયા હતા.જેને તુરંત ૧૦૮ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પીટલમાં લઇ જવાયા હતા.જોકે,સારવાર કારગત નિવડે એ પુર્વે જ દમ તોડી દેતા જીવલેણ હુમલાનો આ બનાવ હત્યામાં પલટાયો હતો.બનાવની જાણ થતા હોસ્પીટલ અને ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં ટોળા એકત્ર થયા હતા.જયારે સીટી બી પોલીસે તુરંત દોડી જઇ મૃતદેહનું પીએમ કરાવી ફરીયાદ માટે તજવિજ હાથ ધરી છે.હત્યાના આ બનાવના પગલે થોડીવાર વાતાવરણ પણ તંગદિલીભર્યુ બની ગયાનુ જાણવા મળ્યુ હતુ. કથિત અંગત અદાલતમાં સામાન્ય બોલાચાલી બાદ યુવાનનુ ઢીમ ઢાળી દેવાયુ હોવાનુ જાણવા મળી રહયુ છે.

# જામનગરમાં ગોડાઉનમાંથી રૂ.સાડા ત્રણ લાખનો એકસ્પાયરી ડેઈટવાળા માલ સામાનનો નાશ કરાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગોડાઉનમાંથી રૂ.સાડા ત્રણ લાખનો એકસ્પાયરી ડેઈટવાળો માલ સામાનનો નાશ કરાયો જામનગરમાં એક ગોડાઉનમાંથી મહાનગર-પાલિકાની ફૂડ શાખાએ તપાસણી હાથ ધરીને આશરે સાડા ત્રણ લાખ રૃપિયાની કિંમતનો ખાદ્ય પદાર્થનો માલ સામાન એકસ્પાયરી તારીખવાળો મળી આવતા તેનો નાશ કરવામાં આવ્યો હતો.જામનગર મહાનગર-પાલિકાની ફૂડ શાખાની ટુકડીને માહિતી મળી હતી કે એક ગોડાઉનમાં એકસ્પાયરી તારીખ વાળો માલ સામાનનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે ફૂડ શાખાના અધિકારી એન.પી. જાસોલીયા અને ડી. બી. પરમારે વરીયા મસ્જીદ ખોજાનાકા પાસે આવેલ સાજીદભાઈના ગોડાઉનમાં આકસ્મિક ચકાસણી હાથ ધરી હતી. દરમ્યાન અલગ-અલગ ૧૩૧ જેટલી આઈટમો એકસ્પાયરી ડેઈટ વાળી નજરે જોવા મળી હતી આથી લગભગ રૂ. સાડા ત્રણ લાખની કિંમતનો માલ સામાન કબ્જે કરી તેને એક વાહનમાં ભરીને ડમ્પીંગ પોઈન્ટમાં લઈ જવાયો હતો અને ત્યાં ખાડો કરી તેનો નાશ કરાયો હતો. જેમાં કેડબરી ચોકોપાઈ કુકીસ, સોન પાપડી, બર્ગર, પાસ્તા, ડેરી મીલ્ક બિસ્કિટ, નુડલ્સ, રસના પેકેટ બોનવીટા, હોર્લીક્સ, કોફી, ચા-પેકેટ, મધ, સોયા વવડી, મસાલા, વેસણ વગેરેનો સમાવેશ થાય છે.

# વાંકાનેર તાલુકા પોલીસે અલગ અલગ બે સ્થળોએથી વિદેશી દારૂની એક-એક બોટલ સાથે બે યુવકને ઝડપી લીધા

## બંને યુવકને એક જ સપ્લાયર દ્વારા વિદેશી દારૂની બોટલ આપવામાં આવ્યાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકા પોલીસે રાતવીરડા ગામ નજીક આવેલ ફીરોન્જા સીરામીક સામેથી વિદેશી દારૂની એક બોટલ પેન્ટના નેફામાં લઈને નીકળેલ આરોપી જયંતીભાઇ હીરાભાઇ અબાસણીયા ઉવ.૩૭ રહે.રાતાવીરડા તા.વાંકાનેર જી.મોરબીને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીને દારૂની બોટલ વેચાણથી દેનાર આરોપી જીતેશ ઉર્ફે જીતો ચોથાભાઇ ભવાણીયા રહે.રાતાવીરડા તા.વાંકાનેર જી.મોરબીનું નામ જાહેર કરતા હાલ પોલીસે બંને સામે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરી સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

જયારે બીજા દરોડામાં વાંકાનેરના રાતાવીરડા ગામથી આગળ 'રે સીરામીક' સામેથી રોડ ઉપર વિદેશી દારૂની ગ્રીન લેબલ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૩૪૦/- લઈને નીકળેલ આરોપી જયદેવભાઇ ભરતભાઇ સરવાડીયા ઉવ.૨૫ રહે હાલ-રાતાવીરડા સીમ,મોટો રોલ્સ સીરામીકની કોલોનીમાં તા.વાંકાનેર જી.મોરબી મુળ ગામ-વસાડવા તા.ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગરને પકડી લેવાયો હતો. જયારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં વિદેશી દારૂની બોટલ આરોપી જીતેશ ઉર્ફે જીતો ચોથાભાઇ ભવાણીયા રહે.રાતાવીરડા તા.વાંકાનેર જી.મોરબી પાસેથી લઇ આવ્યાની કબૂલાત આપી હતી. ત્યારે હાલ વિદેશી દારૂની બોટલ વેચાણથી આપનાર આરોપીને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી. હેઠળ ગુનો રજી. કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના વીસીપરા વિસ્તારમાંથી દેશી તમંચા સાથે એકને દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી લોકલ ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને સંયુક્તમાં મળેલ બાતમીને આધારે મોરબી વીસીપરા વિસ્તારમા મદીના સોસાયટી સેવન સરકાર દુકાનની સામે રોડ ઉપરથી આરોપી વસીમ અનવરભાઈ માલાણી ઉવ.૨૫ રહે. સામાકાંઠે કાંતિનગરને દેશી હાથ



બનાવટના જુના તમંચા સાથે દબોચી લેવામાં આવ્યો છે. ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે આરોપી પાસે રહેલ દેશી તમંચો કિ.રૂ.૫,૦૦૦/- કબ્જે લઇ આરોપી વિરુદ્ધ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ તથા જીપી એકટ હેઠળ ગુનો દાખલ કરવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીના રણછોડનગર વિસ્તારમાં આવેલ રહેણાંકમાંથી વિદેશી દારૂ-બીયરના જથ્થા સાથે એક પકડાયો:સપ્લાયરનું નામ ખુલ્યું

## મોરબી એલસીબીએ દારૂની નાની બોટલ ૮૧ તથા બીયરના ટીન ૩૮, મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબીના વિસીપરા વિસ્તારમાં રણછોડનગર મફતિયાપરામાં આવેલ રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની નાની બોટલ તથા બીયરના ટીનના જથ્થા સાથે એકને દબોચી લેવામાં આવ્યો છે. જયારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે જેની પાસેથી લઇ આવ્યા હોય તેનું નામ ખુલવા પામ્યું છે. હાલ એલસીબી પોલીસે બી ડિવિઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ સામે પ્રોહી. અંગેનો ગુનો નોંધાવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

ક્રાઇમ બ્રાંચના વિદેશી દારૂના દરોડાની મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસ ટીમને બાતમી મળેલ કે વિસીપરા વિસ્તારમાં ગોર ખીજડીયા જવાના રસ્તે આવેલ રણછોડનગર મફતિયાપરામાં રહેણાંક મકાનમાં અનીલભાઇ મોહનભાઇ ચૌહાણ વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જે મુજબની બાતમીને આધારે તુરંત બાતમીની જગ્યાએ દરોડો પાડતા રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૧૮૦એમએલની ૮૧ બોટલ કિ.રૂ.૮,૧૦૦/- તથા બીયરના ટીન ૩૮ કિ.રૂ.૩,૮૦૦/- મળી આવતા આરોપી અનીલભાઇ મોહનભાઇ ચૌહાણ ઉવ.૩૫ રહે હાલ. વીસીપરા ગોરખીજડીયા મેઇન રોડ રણછોડનગર મફતીયાપરા મુળ રહે. હજામચોરા તા.જોડીયા જી.જામનગરની ધરપકડ કરવામાં આવી છે. એલસીબી પોલીસે સ્થળ ઉપરથી દારૂ-બીયરનો જથ્થો, મોબાઇલ સહીત કુલ કિ.રૂ.૧૬,૯૦૦/-નો મુદામાલ જપ્ત કર્યો હતો. જયારે પકડાયેક આરોપીની આગવી ઢબે પૂછપરછમાં ઉપરોક્ત દારૂ-બીયરનો જથ્થો મોરબીના નવલખી રોડ ઉપર આવેલ રણછોડનગરમાં રહેતા મહેબુબભાઇ સુલેમાનભાઇ સુમરા પાસેથી વેચાણ અર્થે લઇ આવવાની કબૂલાત આપતા તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો રજી. કરી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# જાંબુડા પાટીયા પાસેથી મેફેડ્રોન ડ્રગ્સના પાવડર સાથે બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જાંબુડા પાટીયા પાસેથી મેફેડ્રોન ડ્રગ્સના પાવડર સાથે બે શખ્સન ઝડપાયા જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જાંબુડા ગામના પાટિયા પાસે પૂર્વ બાતમીના આધારે વોચમાં ગોઠવાયેલા એસઓજી સ્ટાફે બે શખ્સને ૨૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સના પાવડર સાથે પકડી પાડ્યા છે. આ શખ્સો મુંબઈથી ડ્રગ્સનો જથ્થો લઈને આવ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછમાં ખૂલ્યું છે. આ શખ્સોના ત્રણ મોબાઈલ, રૂ.૩૫ હજાર રોકડા, ડ્રગ્સ મળી રૃપિયા પોણા ત્રણ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરાયો છે. ડ્રગ્સ સપ્લાયરની શોધખોળ શરૃ કરાઈ છે.જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર એસઓજીની ટૂકડી દ્વારા કરવામાં



આવી રહેલા પેટ્રોલિંગમાં સ્ટાફના દિનેશભાઈ સાગઠીયા, હિતેશ ચાવડા, રમેશભાઈ ચાવડાને બાતમી મળી હતી કે, રાજકોટ તરફથી આવી રહેલા બે શખ્સ પાસે ડ્રગ્સનો જથ્થો છે.તે બાતમીથી પીઆઈ બી.એન. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ એલ.એમ. જેરના વડપણ હેઠળ એસઓજીએ વોચ રાખી હતી. જેમાં જાંબુડા પાટીયા પાસે ઉતરેલા મસીતિયા ગામના નઝીરહુસેન રફીક ખફી, ઢીંચડા ગામના આમીન હુસેન ખફી નામના બે શખ્સને રોકી લેવામાં આવ્યા હતા.ઉપરોક્ત શખ્સોની તલાશી લેવાતા તેના કબજામાંથી ૨૩ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. એસઓજીએ રૂ.૨ લાખ ૩૦ હજારનો ડ્રગ્સ પાવડર તથા ત્રણ મોબાઈલ, રૂ.૩૫ હજાર રોકડા મળી કુલ રૂ.૨,૮૫,૫૦૦નો મુદ્દામાલ ક કબજે કર્યો છે. આ શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં મુંબઈના સાહીદ મેમણ નામના શખ્સે ડ્રગ્સ આપ્યું હોવાનું ખૂલ્યું છે. એસઓજીએ તે શખ્સના મોબાઈલ નંબર વગેરે મેળવ્યા છે. ત્રણેય સામે પંચકોશી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમો હેઠળ ગુન્હો નોંધાવાયો છે

# જામનગર જિલ્લાની તમામ કોર્ટમાં ૨૨ જુને યોજાશે નેશનલ લોકઅદાલત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાની તમામ કોર્ટમાં આવતા મહિને નાલ્સાના એક્શન પ્લાન મુજબ નેશનલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં પોતાનો કેસ મૂકી કેસનો નિકાલ અને સમાધાન ઈચ્છતા પક્ષકારો ભાગ લઈ શકશે. તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ નો સંપર્ક થઈ શકે છે.

રાજ્યના કાનૂની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આગામી તા.૨૨ જુનના દિને જામનગર જિલ્લાની તમામ અદાલતમાં લોકઅદાલત યોજાશે.

નેશનલ લોકઅદાલતમાં બેંકના



રિકવરી દાવા, લેબર તકરાર, એમએસીપીના કેસ, વીજળી અને પાણી બીલના કેસ, નેગો. ઈન્સ્ટ્રુ. ૧૩૮ હેઠળના કેસ, લગ્ન વિષયક તકરાર, કૌટુંબિક તકરાર, જમીન સંપાદન, સર્વિસ મેટરના ૧૩ અને એલા. તેમજ નિવૃત્તિ અંગેના કેસ, રેવન્યુ કેસ, અન્ય દીવાની કેસ મુકવામાં આવશે. જામનગર જિલ્લાના જે નાગરિકો ઉપરોક્ત જણાવેલા પેન્ડીંગ કેસમાં સમાધાનથી નિરાકરણ ઈચ્છતા હોય તેઓ વકીલ મારફતે પોતાનો કેસ લોકઅદાલતમાં મૂકી શકશે. પક્ષકારો લોકઅદાલતના માધ્યમથી આર્થિક નુકસાનીથી બચી શકે છે અને સમયની પણ બચત થઈ શકે છે. લોક અદાલત અંગે વિગત મેળવવા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ૦૨૮૮-૨૫૫૦૧૦૬નો સંપર્ક કરી શકાશે. તે ઉપરાંત તાલુકા કોર્ટનો પણ સંપર્ક થઈ શકશે.

# રાજુલાના ચાંચબંદરનો યુવાન ૩૫૦૦ કિ.મીની પદયાત્રા પૂર્ણ કરી પરત ફરતા ગ્રામજનોએ સ્વાગત કર્યુ




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના દરીયાઇ કાંઠા વચ્ચે ચાંચબંદર ગામ આવેલુ છે. આ ગામમા લોકો મોટા ભાગે વ્યવસાય અર્થે માછીમારી સાથે સંકળાયેલ છે અને આ ગામનો યુવાન વિશાલભાઇ ગુજરીયા તેમણે પાંચ મહિના પહેલા પગપાળા યાત્રા શરૂ કરી હતી અને ૩૫૦૦ કિલોમીટરની બદ્રીનાથ, કેદારનાથ,યમનોત્રી-ગંગોત્રી, કાશી,અયોધ્યા સહિતના યાત્રા ધામની પદયાત્રા પૂર્ણ કરી દર્શન કરી આશીર્વાદ લીધા હતાં જે બાદ પદયાત્રા પૂર્ણ કરી માદરે વતન પરત ફરતા ગ્રામજનો દ્વારા ઢોલ નગારા સાથે સામૈયા કરવામા આવ્યાં હતા અને આ યુવાન પરત ફરતાની સાથે જ ગ્રામજનોમા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ચાંચબંદર ગામના પૂર્વ સરપંચ કાનજીભાઈ ચોહાણે જણાવ્યું હતુ કે,અમારા ચાંચ ગામનો યુવાન વિશાલભાઇ ગુજરીયાએ ચાલીને ૩૫૦૦ કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી વતન પરતા ફરતા સૈમયા સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. વિશાલભાઇએ પદયાત્રા દરમિયાન બદ્રીનાથ, કેદારનાથ સહિતના સ્થળો પર જઇને દર્શન કર્યા હતાં. ૩૫૦૦૦ કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી વતન આવતા વિશાલભાઇને અભિનંદન પાઠવું છું. આ તકે જીલ્લા પંચાયત સદસ્ય વિક્રમભાઇ શિયાળ, સંજયભાઈ ધૂધારવા, રાકેશભાઈ શિયાળ, બાબુભાઇ બારૈયા, ભુપતભાઇ શિયાળ સહિત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા

# રાજકોટના અગ્નિકાંડને લઈને જામનગરમાં વેલકમ વોટરપાર્ક તથા હોલીડે વોટરપાર્કને પણ બંધ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ભાગોળે આવેલા બે વોટર પાર્ક પણ બંધ કરવા માટેનો આદેશ અપાયો છે.રાજકોટ ગેમઝોન દુર્ઘટના બાદ રાજ્યભરમાં તમામ ગેમઝોન સહિતની પ્રવૃત્તિ સામે વહીવટી તંત્ર કડક બન્યું છે, અને મનોરંજન મેળા, ગેમ ઝોન વગેરે બંધ કરાવવામાં આવ્યા છે. જેની સાથે સાથે જામનગરની ભાગોળે આવેલા બે વોટર પાર્ક પણ બંધ કરવા માટેનો આદેશ અપાયો છે.જામનગર નજીક જાંબુડા પાટીયા પાસે વેલકમ વોટરપાર્ક તેમજ હોલીડે વોટર રિસોર્ટ આવેલા છે. તે બંને સ્થળે વહીવટી તંત્ર પાસેથી મંજૂરી મેળવાઈ છે, પરંતુ હાલમાં તેમની રિન્યુઅલ ની પ્રક્રિયા અધુરી હોવાના




કારણે પંચકોશી એ. ડિવિઝન પોલીસ દ્વારા ઉપરોક્ત બંને વોટરપાર્કને બંધ કરવાના આદેશો અપાયા છે, અને હાલ બંને વોટરપાર્ક બંધ કરી દેવાયા છે.જે બંનેની રિન્યુઅલ ની પ્રક્રિયા તેમજ તમામ પ્રકારના લાયસન્સ વગેરે રજૂ કરાયા પછી બંને વોટરપાર્ક ચાલુ થશે, તેમ જાણવા મળી રહ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અગ્નિકાંડમાં સંડોવાયેલા પૂરવઠા સહિતના અધિકારીઓને બરતરફ કરી કાયદેસરની કાર્યવાહી કરો : શહેર કોંગ્રેસ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં બિનઅધિકૃત રીતે સંગ્રહાયેલ જ્વલંતશીલ પદાર્થ તેમજ પેટ્રોલ-ડીઝલ હજારો લીટર જથ્થો કોની મહેરબાનીથી ગેમ ઝોનમાં પહોચ્યો હતો. તે અંગે ખુલાસો કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ જિલ્લા કલેક્ટર સમક્ષ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહિલા અગ્રણી ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રસ પ્રમુખ અતુલભાઈ રાજાણી સહિતના આગેવાનોએ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે કોઈપણ પેટ્રોલપંપ પર પેટ્રોલ છુટુ આપવાની મનાઈ છે. ત્યારે ૩૦૦૦ લીટર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ગેમ ઝોનમાં કઈ રીતે પહોંચ્યો.

આ પેટ્રોલના જથ્થાની કોઈ પરવાનગી આપવામાં આવી છે કે કેમ તે અંગે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરો. વધુમાં આ સંદર્ભે જિલ્લાપૂરવઠા અધિકારી તેમજ સંલગ્નપૂરવઠાના સ્ટાફ અને રેવન્યુ વિભાગના કર્મચારીની જવાબદારી નક્કી કરી તાત્કાલીક ધોરણે તેઓને બરતરફ કરી તેમની સામે સાપરાધ મનુષ્યવધ ગુનો દાખલ કરવામાં આવે.

# બાલભવનમાં ખડકાયેલો ડોમ અધિકૃત કે અનઅધિકૃત ?



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગત શનિવારે ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની ઘટનાની શાહી હજી સુકાઈ નથી. એક તરફ ગેરકાયદેસર ડોમ અને બાંધકામો જ્યાં ત્યાં ખડકી દેવામાં આવ્યા છે. ત્યારે શહેરના રેસકોર્ષમાં આવેલ બાલભવનકે જ્યાં દરરોજ અનેક ભૂલકાઓ તેના વાલી સાથે બાલભવનમાં ચાલતી જુદી-જુદી એક્ટીવીટીમાં સામેલ થાય છે. ત્યાં અનઅધિકૃત ડોમ ખડકી દેવાયો છે. આ ડોમ ની પરમીશન સંસ્થાએ લીધી છે કે કેમ? તે બાબત સરકારીતંત્રએ ચકાસવી જરૂરી છે.

# ગેમઝોનની આગમાં લોકોને બચાવવા ગયેલા ૧૦૮ના છ કર્મચારી દાઝી ગયા

## મેજર કોલ જાહેર થતા માત્ર ૨૩ મિનિટમાં ૨૦ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં શનિવારે ટીઆરપી ગેમઝોનની ગોઝારી ઘટનામાં રાહત બચાવ દરમિયાન ૧૦૮ના કર્મચારીઓએ જાનની બાજી લગાવી હતી. અન્ય લોકોના જીવ બચાવવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના ૬ જેટલા કર્મચારીઓ પણ આગની લપેટમાં દાઝી ગયા હતા.રાજકોટના કરૂણાંતિકા ઉપજાનાર આગકાંડની આપવીતી વર્ણવતા પ્રોજેક્ટ મેનેજર ચેતન ગાધેએ જણાવ્યું હતું કે, કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમઝોનમાં વિકરાળ આગનો મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો.આથી ૨૩ મીનીટમાં ૨૦ એમ્બ્યુલન્સને ઘટના સ્થળે દોડાવવામાં આવી હતી. તેમાંથી ૭ એમ્બ્યુલન્સ તો માત્ર ૭ મીનીટમાં જ સ્થળ ઉપર પહોચી ગઈ હતી. ઘટના સ્થળની પરિસ્થિતિ અત્યંત ભયાનક હતી. ચારે બાજુ ધૂમાડાના ગોટેગોટા હતા અને ગેમઝોનની અંદર આગના લબકારાના દ્રશ્યો દેખાઈ રહ્યા હતા. ત્યારે ૧૦૮ના કર્મચારીઓએ કોઈપણ જાતની પરિસ્થિતિનો વિચાર કર્યા વગર જ સીધા રાહત બચાવની કામગીરી યુધ્ધના ધોરણે આરંભી દિધી હતી.

આ સમયે ગ્રાઉન્ડમાં પણ આગની જવાળાઓથી અંગ દાઝતા હતા. આવી સ્થિતિમાં ૮થી૯ અસરગ્રસ્તોને બચાવાયા હતા. અને ૧૯ મૃતદેહને સિવીલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ કામગીરી દરમિયાન ૧૦૮ના ૬ કર્મચારીઓ હાથ-પગમાં દાઝી ગયા હતા. ૧૦૮ના કર્મચારીઓએ રાત- દિવસ જોયા વગર કામગીરી કરી હતી.

તેમણે કહ્યું હતું કે, આગ લાગવાનો સૌ પ્રથમ ફોન ૧૦૮ને કરવામાં આવ્યો હતો. ૫:૪૪ કલાકે બનાવની જાણ થઈ હતી. તે પછી ફાયરબ્રિગેડને ૫:૪૭ કલાકે ફોન કરવામાં આવ્યા બાદ ફાયરબ્રિગેડના સાધનો અને જવાનો ઘટના સ્થળે પહોચ્યા હતા.

# રાજકોટના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે ચાર્જ સંભાળતાં દેવાંગ દેસાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાપાલિકાના નવા ૩૩માં કમિશ્નર તરીકે ઔડાના સીઇઓ તરીકે કામગીરી સંભાળીને સરકારના હુકમથી તત્કાલ હાજર થયેલા દેવાંગ પી. દેસાઇએ ચાર્જ સંભાળ્યો છે. શહેરના નાના મવા રોડ પરના ગેમ ઝોનમાં કરૂણ દુર્ઘટના સર્જાઇ છે ત્યારે આ ઘટનાના અકલ્પનીય અને દુ:ખદ તેઓએ ગણાવી છે. સાથે જ આ ઘટનાની તપાસમાં જે કાર્યવાહી કરવાની થાય તે કરવા સાથે રાજકોટમાં ફાયર સેફ્ટીના નિયમોના ચુસ્ત અમલ માટે તમામ પ્રક્રિયા કરવામાં આવશે તેવું કહ્યું હતું.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અમદાવાદથી સીધા રાજકોટ પહોંચેલા દેવાંગ પી. દેસાઇ ૨૦૦૮ની બેચના આઇએએસ અધિકારી છે. સુરેન્દ્રનગર જીલ્લાના મુળ વતની અને વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક થયેલા આઇએએસ અધિકારી ઔડાના સીઇઓ તરીકે હતા. તેઓએ નવસારી, સ્કુલ કમિશ્નર, રજીસ્ટ્રાર સહિતની કાર્યવાહી સંભાળી છે. આજે બપોરે સર્કિટ હાઉસથી તેઓએ મહાપાલિકા કચેરીએ પહોંચીને ચાર્જ સંભાળવા સાથે ત્રણે ડે.કમિશ્નર, આસી. કમિશ્નર, ટીપીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ બોલાવી હતી.

# પરાપીપળીયામાં બે મહિના પહેલાં પિતાના અવસાન બાદ ગેમઝોનમાં ગયેલા પરિવારનો કુળદીપક બુઝાયો

## અંતિમયાત્રા નીકળતા સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈઃ પરિવારજનોએ આક્રોશ સાથે અગ્નિકાંડના જવાબદારોને ફાસીની સજા થવી જોઈએની માંગ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ ધ્રોલના જાયવા ગામના વતની અને પરા પીપીળીયામાં રહેતા જય ઘોરેચા મિત્રો સાથે ગત શનિવારે ગેમઝોનમાં રમવા આવ્યા બાદ લાગેલી આગમાં ત્રણેય મિત્રોના મોત થયા છે. ત્રણેય મિત્રોની અંતિમયાત્રા નિકળી હતી. પરાપીપળીયામાં રહેતા જયની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા અને અશ્રુઓનો દરિયો વહ્યો હતો.



પરિવારજનોએ કહ્યું હતું કે, મૃતક જયના પિતા અનિલભાઈનું પણ બે મહિના પહેલા અવસાન થયું હતું. જયના કાકા નીતિનભાઈએ આક્રોશભેર જણાવ્યું હતું કે, એક સાથે ૨૮ લોકોને ભરખી જનાર ગેમઝોનના સંચાલકોને ફાંસીની સજા પણ ઓછી છે. આનાથી પણ જો કોઈ વધુ સજા હોય તે આપવી જોઈએ. આ કોઈ એક પરિવારના ગુનેગાર નથી અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. જય ત્રણ ભાઈ-બહેનમાં સૌથી નાનો હતો. મૂળ ધ્રોલના જાયવા ગામે રહેતો હતો પરતું ત્રણ વર્ષ પહેલા જ રાજકોટ સ્થાયી થયો હતો.પિતા બાદ પુત્રના આકસ્મીક મોતથી પરિવાર ઉપર વ્રજઘાત પડ્યો છે. આ બનાવ બન્યો ત્યારે પરિવારજનોએ જયની શોધખોળ હાથ ધરી હતી. પરતું તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો હતો. અને ફોનના લોકેશનના આધારે ગેમઝોનમાં હોવાનું માલુમ પડયા બાદ પરિવારથી આ વિગત છૂપાવી રાખી હતી.ગઈકાલે ડીએનએ ટેસ્ટ પછી મૃતદેહ પરિવારનો સોંપવામાં આવ્યા પછી આજે સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી.

# લોધીકાના ખીરસરા ગામે સામાન્ય બાબતે પાડોશીઓ વચ્ચે મારામારી

## ઘર સામે રાખેલી ઈંટ હટાવવાનું કહેતા મારામારી સર્જાઈઃ સામસામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના ખીરસરા ગામે પાડોશી વચ્ચે સામાન્ય બાબતે માથાકુટ થયા બાદ સામસામા ધોકાપાઈપ વડે હુમલો કરતા ધીંગાણું ખેલાયું હતું જેમાં બન્ને જુથના ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી આ બનાવ અંગે પોલીસે બન્ને પક્ષની ફરિયાદ પરથી ગુના નોંધી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ લોધીકાના ખીરસરા ગામે નવાપ્લોટ વિસ્તારમાં રહેતા સોમાભાઈ અમરાભાઈ સાગઠિયા ઉ.વ.૬૦એ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા અનિતાબેન દિલીપભાઈ સાગઠિયા, સવિતાબેન ધિરુભાઈ સાગઠિયા, દિલીપ ધીરૂભાઈ સાગઠિયા, કિલ્લો ધિરૂભાઈ સાગઠિયા અને રાજેશ દિલીપભાઈ સાગઠિયાના નામ આપ્યા છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપીઓએ ઘર પાસે ઈંટો નાખેલ હોય જે ઈંટો નાખવાની ના પાડતા બોલાચાલી થઈ હતી જેના કારણે આરોપીઓએ લાકડાના ધોકા વડે ફરિયાદી અને તેમના પત્ની અને પુત્ર પર હુમલો કરી માર માર્યો હતો. સામાપક્ષે દિલિપભાઈ ધીરૂભાઈ સાગઠિયા ઉ.વ.૪૦એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સોમાભાઈ અમરાભાઈ સાગઠિયા તેમના પત્ની દેવુબેન સોમાભાઈ સાગઠિયા, હિનાબેન સોમાભાઈ સાગઠિયા અને નિરુબેન સાગઠિયાએ બેફામ ગાળો દઈ ઈંટોના છુટા ઘા કરી ઢીકાપાટુના માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરિયાદ નોંધાવી છે. બે પાડોશી વચ્ચે થયેલા ધીંગાણામાં બન્ને જૂથના ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન સ્ટાફના હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ હુણ તથા નિતેશભાઈ સાદીયાને મળેલી ચોક્કસ મહિના આધારે ભાણવડ તાલુકાના ઢેબર ગામે એક શખ્સ સરકારની વગર મંજૂરીએ માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર છેલ્લા ત્રણેક વર્ષથી લોકોની તબીબી સારવાર કરતો હોવાથી પોલીસ સ્ટાફે દરોડાની કાર્યવાહી કરી હતી.



આ કામગીરીમાં ભાણવડના નગર નાકા વિસ્તારમાં રહેતા અને સી.એમ.એસ.ઈ.ડી.ના વ્યવસાય સાથે સંકળાયેલા અબ્દુલા મુબારક અજીજમિયાં શેખ નામના ૩૦ વર્ષના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સ્થળે ઉભા કરવામાં આવેલા દવાખાનામાં ઉપરોક્ત શખ્સ દ્વારા વિવિધ પ્રકારની દવાની ટીકડીઓ (ટેબ્લેટ), બાટલાઓ, સીરીંઝ, સ્ટેથોસ્કોપ વિગેરે જેવા મેડિકલને લગતા સાધનો પણ મળી આવ્યા હતા.આમ, પોતે ડોક્ટર ન હોવા છતાં ડોક્ટર તરીકેની પ્રેક્ટિસ કરી, માનવ જિંદગી અથવા શારીરિક સલામતીને જોખમમાં મૂકે એવું કૃત્ય કરતા અબ્દુલ્લા મુબારક શેખને પોલીસે ઝડપી લઈને કુલ રૂપિયા ૯૬,૬૩૪ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યાર બાદ તેની સામે આઈ.પી.સી. કલમ ૩૩૬ તથા મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી કરી હતી.આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયા, એ.એસ.આઈ. હરદેવસિંહ જાડેજા, જીતુભાઈ હુણ, નિતેશભાઈ સાદીયા, પબુભાઈ માયાણી, સ્વરૂપસિંહ જાડેજા તથા સુમાતભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

# સોશ્યલ મીડિયા પર દોઢ મહિના પહેલાં યુવક સાથે પ્રેમ થતા સગીરા ઘર છોડવા તૈયાર થઈ

## માતાએ અભયમ મહિલા હેલ્પ લાઈનની મદદ માંગતા ટીમે સફળ કાઉન્સીલીંગ કરી સગીરાને મનાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તારીખ ૨૭/૦૫/૨૪ ના રોજ એક બહેન નો ૧૮૧ પર કોલ આવેલ તેમણે જણાવેલ મારી પુત્રી ના કાઉન્સિલિંગ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કોલ આવ્યો હતો.

૧૮૧ પર તેમની દીકરી ના કાઉન્સિલિંગ માટે કોલ આવતાની સાથે ૧૮૧ ટીમ તેમની મદદ માટે રવાના થયેલ....જેમાં સ્થળ પર પહોંચી તે બહેનનું કાઉન્સિલિંગ કરી તેમની સમસ્યા જાણેલ જેમાં તેમણે જણાવેલ તેમની દીકરી એક સગીરા છે તેમની ઉંમર વર્ષ ૧૭ વર્ષ છે જેમાં તેમની દીકરી એક વ્યક્તિ ના પ્રેમ મા હોવાથી ઘરે રહેવા ઈચ્છતી ના હોય તે વ્યક્તિ પાસે દીકરી ને જવું હોવાથી ૧૮૧ મા કોલ કર્યો હતો.

ત્યાર બાદ બહેન ના દીકરી સગીરા નું કાઉન્સિલિંગ કરેલ તેમની સમસ્યા જાણવાનો પ્રયત્ન કરેલ જેમાં સગીરા એ જણાવેલ....તે જે વ્યક્તિ ના પ્રેમ મા છે તે વ્યક્તિ નો સંપર્ક તેમણે સોશ્યલ મીડિયા દ્વારા થયેલ દોઢ મહિના પહેલા સોશ્યલ મીડિયા પર તે વ્યક્તિ એ મને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હોવાથી મે તેમની સાથે વાત કરવાનું ચાલુ કરેલ દોઢ મહિના ની અંદર અમે એક વખત મળેલ...તે વ્યક્તિ બીજા જિલ્લા મા રહે છે...જેમાં આજ રોજ હું તે વ્યક્તિ સાથે વાત કરતી હોવ તે વાત ની જાણ મારા ઘરના સદસ્યો ને થયેલ જેમાં મારા ઘરના સદસ્યો મારા લગ્ન ત્યાં કરાવી આપવાની ના કહેતા હોય જેથી મારે મારા ઘરે રહેવું ન હોય ત્યારબાદ ૧૮૧ ટીમ એ કિશોરીનું કાઉન્સિલિંગ કરેલ અને તેની નાની ઉંમર હોવાથી હાલ લગ્ન ન કરી શકું તેમજ અત્યારે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી કારકિર્દી બનાવવા બાબતે સમજ અપાઇ આમ ૧૮૧ ટીમના સલાહ સૂચન અને માર્ગદર્શનના અંતે કિશોરીએ પોતાની જીદ છોડેલ ત્યારબાદ ઘરના સદસ્યોએ ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગેમઝોનની ઘટનામાં આંબેડકરનગરની આશાસ્પદ યુવતી ભુંજાઈ ગઈ

## પરિવારની આધારસમાન પુત્રી ગુમાવતા પિતાનો વલોપાતઃ બપોરે ટીફીન આપીને પરત આવેલા પિતાએ પુત્રીને છેલ્લીવાર જોઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં કામ કરતી આશાબેન કાથળનો મૃતદેહનો કબ્જો પરિવારને સોંપાયા બાદ પિતાએ વલોપાત કરતા કહ્યુ હતુ કે શનિવારના ગોઝારા દિવસે બપોરે પુત્રીનું બપોરે મોઢુ જોયા બાદ અંતિમક્ષણમાં પુત્રીનું મોઢુ જોવાની આશા પણ અધુરી રહી છે.પિતા ચંદુભાઈએ ભારે હૈયે જણાવ્યું હતું કે, દરરોજ ટિફીન આપવા જતો હતો. શનિવારે બપોરે ટિફીન આપ્યું ત્યારે આશાનું છેલ્લી વખત મોઢું જોયું હતું. તે પછી આગના બનાવ બાદ તેણીના કોઈ ખબર અંતર મળ્યા હતા. પરિવારનો આધારસ્તંભ સમાન પુત્રીની ગેમઝોનમાં સવારે ૮:૩૦થી સાંજના ૮:૩૦ સુધીની નોકરી હતી અને તેણીને ૧૨,૦૦૦નો પગાર આપવામાં આવતો હતો. આ ઘટના પછી આશાનો મૃતદેહ આપવામાં આવ્યો ત્યારે છેલ્લીવખત પણ આશાનું મોઢુ જોવાની આશા પણ અધૂરી રહી હતી. તેણીના નજીકના સગાએ જણાવ્યું હતુ કે, આશાને મોબાઈલનો જબરો શોખ હતો, તે મોબાઈલને એક મિનિટ પણ દૂરરાખતી ન હતી. પરતું શનિવારે જ્યારે તેના પિતા ટિફીન દેવા ગયા ત્યારે આશાએ મોબાઈલ ફોન પણ પિતાને આપી કહ્યુ હતુ કે, ફોન ઘરે લઈ જાવ, આજે મારે ફોન રાખવો નથી. ત્યારે પિતા પણ આશાના આ વ્યવહારથી અંચબામાં પડી ગયા હતા. બાદમાં ગરિબ પરિવાર આશાના અંતિમ ઘડી વખતે ફોનમાં પણ વાતચીત કરી શક્યો ન હતો.



રાજકોટના નાનામવા સર્કલ પાસે આવેલા આંબેડકરનગરમાં રહેતા ગરીબ પરિવારની પુત્રી આશાબેન કાથળ(ઉ.૧૯)ના ગેમઝોન દુર્ઘટનામાં પરિવારના આધારસ્તંભ સમાન પુત્રી ગુમાવતા અરેરાટી વ્યાપી જવા પામી છે. આશાબેન સાત મહિના પહેલા જ નોકરીમાં લાગ્યા હતા.

# મોરબીના રફાળેશ્વર નજીક તળાવમાં ડૂબી જતા અજાણ્યા શખ્સનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર ગામ નજીક ડમ્પિંગયાર્ડની સામે આવેલ તળાવના પાણીમાં ડૂબેલા અજાણ્યા શખ્સનું મોત નીપજ્યું હતું. મોરબી ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમે કલાકોની જહેમત બાદ તળાવમાંથી મૃતદેહને શોધી બહાર કાઢી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી ફાયર વિભાગમાંથી મળતી માહિતી અનુસાર મોરબી ફાયર કંટ્રોલ રૂમમાં સવારના ૧૦.૨૦ કલાકે કોલ આવેલ કે રફાળેશ્વર ખાતે ડમ્પિંગ યાર્ડની સામે આવેલ તળાવના પાણીમાં કોઈ અજાણ્યો શખ્સ ડૂબ્યો છે. જે મુજબનો કોલ આવતા ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી હતી. જ્યાં અંદાજે સાત કલાકની જહેમત બાદ તળાવના પાણીમાં ડૂબેલ શખ્સનો મૃતદેહ શોધી તેને બહાર કાઢવામાં સફળતા મળી હતી. હાલ આ મૃતદેહ તળાવની આજુબાજુના કારખાનામાં કામ કરતા અજાણ્યો વ્યક્તિ હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું છે. હાલ અજાણ્યા શખ્સના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફત મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# ખંભાળિયા કાંપ કાઢવાના પ્રકરણમાં રૂા. ૧.૧૦ લાખની લાંચ લેવા સબબ મહિલા સરપંચ તથા પુત્ર ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ખંભાળિયા તાલુકાના એક આસામી દ્વારા ડેમ વિસ્તારમાંથી માટી કાઢવા સબબ સ્થાનિક સરપંચ દ્વારા હેરાનગતિ ન થાય તે માટે લાંચ લેવાના પ્રકરણમાં મહિલા સરપંચ તથા તેમના પુત્રને રૂપિયા ૧.૧૦ લાખના મુદ્દામાલની રકમ સાથે ઝડપી લીધા હતા.આ સમગ્ર પ્રકરણની એ.સી.બી. સુત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા - જામનગર રોડ ઉપર આવેલા સિંહણ ડેમમાંથી માટી (કાંપ) કાઢવાનું કામ કરતા એક આસામી દ્વારા



તેના આ કામ ધંધામાં હેરાનગતિ કરી અને નાગડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ લાખીબેન મેરામણભાઈ ગુજરીયા દ્વારા રૂપિયા ૧.૧૦ લાખની રકમની માંગણી કરવામાં આવી હતી. આ રકમ ફરિયાદી આસામી આપવા માંગતો ન હોય, તેમના દ્વારા એન્ટી કરપ્શન બ્યુરો વિભાગને જાણ કરવામાં આવી હતી.જેને અનુલક્ષીને રાજકોટ એ.સી.બી. એકમના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ દેવભૂમિ દ્વારકા એ.સી.બી. પોલીસ મથકના પી.આઈ. પી.એ. દેકાવાડિયા તથા તેમની ટીમ દ્વારા ગતસાંજે લાંચ અંગેનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને ખંભાળિયા - જામનગર હાઈવે પર આવેલા આરાધના ધામ રોડ ઉપર ફરિયાદી દ્વારા આરોપી લાખીબેન મેરામણભાઈ ગુજરીયા તથા તેમના પુત્ર ફૂલસુરભાઈ મેરામણભાઈ ગુજરીયાને રૂ. ૧.૧૦ લાખ રોકડા આપતા તુરંત જ એ.સી.બી. પોલીસ સ્ટાફ આ સ્થળે પહોંચી ગયો હતો અને લાંચની ટ્રેપમાં આ રકમ સ્વીકારતા બંનેને ઝડપી લીધા હતા. જે અંગે ધોરણસર ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.નાગડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ તથા તેમના પુત્ર લાંચના છટકામાં ઝડપાઈ ગયા હતા.

# ગેમઝોનના લાપતા ભાગીદાર આગમાં હોમાઈ ગયાનું જાહેર થયું

## ઘટના સ્થળે પાર્ક કરેલી કાર અને ડીએનએ રિપોર્ટ મેચ થતા પરિવારની શંકા સાચી ઠરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્નિકાંડની ભયાનક દુર્ઘટનામાં પકડાયેલા આરોપીઓએ કોર્ટ સમક્ષ મુખ્ય માલિક લાપતા પ્રકાશ હોવાનું કહી દોષનો ટોપલો તેના ઉપર ઢોળી દીધો છે પરંતુ આ ઘટનામાં મોટો ઘટસ્ફોટ થયો છે જે લાપતા હતો તે યુવક આગમાં હોમાઈ ગયો હોવાની પરિવારની શંકા સાચી ઠરી છે અમદાવાદમાં માતાએ આપેલા સેમ્પલ ડીએનએ સાથે મેચ થઈ જતા પ્રકાશ જૈનને મૃત જાહેર કરવામાં આવ્યો છે.



રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં ભભૂકેલી આગમાં ૨૮થી વધુ લોકોના મોત નીપજ્યા છે ગઈકાલે વડોદરા રહેતા જીતેન્દ્રભાઈએ રાજકોટ ગેમઝોનમાં ભાગીદારી ધરાવતા તેના ભાઈ પ્રકાશ કનૈયાલાલ હિરન બનાવ પછી લાપતા હોવાનું અને અંતિમ સીસીટીવી જોવા મળ્યા જેમાં તે બચાવકાર્યમાં લાગ્યો હોવાનું તેમજ કદાચ તે પણ આગમાં હોમાઈ ગયો હોવાની શંકા દર્શાવતી અરજી રાજકોટ પોલીસમાં આપતા પોલીસે પણ તપાસ શરુ કરી હતી બીજી તરફ ગાંધીનગર એફએસએલ ખાતે ડીએનએ તપાસ અર્થે મોકલવામાં આવ્યા હોય પ્રકાશના ૫૭ વર્ષીય માતા વિમલાદેવીના સેમ્પલ લેવામાં આવ્યા હતા આ સેમ્પલ ડીએનએ સાથે મેચ થઇ જતા તંત્ર દ્વારા પ્રકાશ હિરનને મૃત જાહેર કરવામાં આવ્યો છે યુવાન પૂત્રનું મોત થયાનું જાહેર કરતા પરિવાર ભાંગી પડયો છે તો બીજી તરફ અગ્નિકાંડમાં પકડાયેલા ચારેય આરોપીઓએ પોતાના બચાવ માટે લાપતાપ્રકાશ જ મુખ્ય માલિક હોવાનું રટણ કર્યું છે સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ આગમાં હોમાઈ ગયેલ પ્રકાશ જૈન ૬૦ ટકાનો ભાગીદાર હોવાનું જાણવા મળ્યું છે.

# અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં ડીએનએ મેચ થતા ૨૫ મૃતકોની ઓળખ મળી

## મૃતદેહો સોંપવામાં આવતા પરિવારજનોમાં કરૂણ આક્રંદઃ હૈયાફાટ રૂદન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં એકસાથે ૨૮થી વધુ લોકો ભડયું થઈ ગયા હતા જેથી તેમના સ્વજનોની ઓળખ માત્ર ડીએનએ ટેસ્ટ દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધી કુલ ૨૦ જેટલા મૃતકોના ડીએનએ મેચ થતા તેમના સ્વજનોને મૃતદેહ સોંપવામાં આવ્યા હતા. કોઈના વ્હાલસોયા પુત્ર તો કોઈના ભાઈના મૃતદેહ પરિવારજનોને સોંપાતા સિવીલમાં કરુણ દ્રશ્યો સર્જાવા હતા.

ગેમઝોનના અગ્નિકાંડમાં એકસાથે ૨૮થી વધુ લોકો હોમાયા બાદ શનિવારે મોડી રાતથી જ મૃતકોની ઓળખ કરવા માટે ડીએનએની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં તમામ મૃતદેહ અને પોતાના પરિવારના સભ્યોને શોધતા



સ્વજનોના સેમ્પલ મેળવી પૃથકરણ માટે ગાંધીનગર મોકલવામાં આવ્યા હતા. જવાંથી રિપોર્ટ મેચ થવા લાગતા રાજકોટ સિવીલ હોસ્પિટલ ખાતેથી મૃતદેશની સોંપણી શરૂ કરવામાં આવી હતી. સૌપથમ સોમવારે આઠ અને ત્યાર બાદ બીજા દિવસે વધુ ૧૨ મુતદેહના તેમના પરિવારજનો સાથે ડીએનએ મેચ થયા હતા. તેમને તાત્કાલિક પોરલ પરિવારનો સંપર્ક કરી મૃતદેહની સોંપણી કરવામાં આવી હતી. પરિવારજનોને ઘટનાના બે દિવસ બાદ મૃતદેહ મળતા સિવીલે અને સ્મશાને પરિવારજનનીનું હૈયાફાટ રૂદન જેવા મળ્યુ હતું. મૃતકો ઓળખવાની પણ હાલતમાં ન હોવાથી જયારે સ્વજનો મૃતદેહ થરે લઈ ગયા ત્યારે કરુણ દરવો સર્જાયા હતા. પિતના જુવાનજોધ પુત્ર મિત્રો સાથે ગયો હતો તો પણા પોતાના પરિવારજનોને મદદ કરવા માટે નોકરીએ લાગ્યા હતા. પરંતુ અગ્નિકાંડે તમામ પરિવારના માળા પીખી નાખ્યા હતા.

**અત્યાર સુધીમાં કુલ – ૨૫ મૃતદેહ તેઓના સ્વજનોને સોંપવામાં આવેલ છે**

૧) સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા, રહે. રાજકોટ
૨)સ્મિત મનીષભાઈ વાળા, રહે. રાજકોટ
૩)સુનિલભાઈ હસમુખભાઈ સિદ્ધપુરા, રહે. રાજકોટ
૪) જીગ્નેશ કાળુભાઈ ગઢવી, રહે. રાજકોટ
૫) ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ, રહે. ભાવનગર
૬) વિશ્વરાજસિંહ જશુભા જાડેજા, રહે. રાજકોટ
૭) આશાબેન ચંદુભાઈ કાથડ, રહે. રાજકોટ
૮) સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા, રહે. જામનગર
૯) નમ્રજીતસિંહ જયપાલસિંહ જાડેજા, રહે. જામનગર
૧૦) જયંત અનીલભાઈ ઘોરેચા, રહે. રાજકોટ
૧૧) હિમાંશુભાઈ દયાળજીભાઈ પરમાર, રહે. રાજકોટ
૧૨) ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, રહે.રાજકોટ
૧૩) વિરેન્દ્રસિંહ નિર્મળ સિંહ જાડેજા, રહે. રાજકોટ
૧૪) દેવશ્રીબા હિતેન્દ્રસિંહ જાડેજા, રહે. સુરેન્દ્રનગર
૧૫) રાજભા પ્રદીપસિંહ ચૌહાણ , રહે. રાજકોટ
૧૬) શત્રુઘ્નસિંહ શક્તિસિંહ ચુડાસમા, રહે.ગોંડલ
૧૭) નીરવભાઈ રસિકભાઈ વેકરીયા, રહે. રાજકોટ
૧૮) વિવેક અશોકભાઈ દુસારા, રહે. વેરાવળ
૧૯) ખુશાલી અશોકભાઈ મોડાસિયા, રહે. વેરાવળ
૨૦) ખ્યાતીબેન રતિલાલભાઈ સાવલિયા, રહે. રાજકોટ
૨૧) હરિતાબેન રતિલલભાઈ સાવલિયા, રહે. રાજકોટ
૨૨) ટિશા અશોકભાઈ મોડાસિયા, રહે. રાજકોટ
૨૩) કલ્પેશ પ્રવીણભાઈ બગડા, રહે. રાજકોટ
૨૪) મિતેષભાઈ બાબુભાઈ જાદવ, રહે. રાજકોટ
૨૫) પ્રકાશ કનૈયાલાલ હિરણ, રહે. રાજકોટ

# મવડી ચોકડી પાસે ધનપતિના નબિરાએ પુરપાટ ઝડપે કાર ચલાવી ત્રણ વાહનોને હડફેટે લીધા

## વીજ થાંભલો તુટી જતા અકસ્માત સ્થળે ટ્રાફિકજામ, કાર ચાલક નશામાં ધૂત હોવાની સ્થાનિકોમાં ચર્ચા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ચોકડી પાસે એક કાર ચાલકે ત્રણ વાહનોને હડફેટે લઈ વીજ થાંભલા સાથે અથડાતા થાંભલાના બે કટકા થઈ ગયા હતા.જ્યારે અકસ્માતમાં બે લોકોને ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ધડાકાભેર થયેલા અકસ્માતથી ઘટના સ્થળે લોકોના ટોળેટાળા ઉમટ્યા હતા.

મવડી ચોકડી પાસે પૂર ઝડપે આવતી i-20 કારના ચાલકે ૩ વાહનોને હડફેટે લઈ બેકાબૂ બની ગયેલ કાર વિજપોલ સાથે અથડાતા થાંભલો રોડ વચ્ચે તૂટી પડયો હતો. આ બનાવમાં બે લોકોને ઈજા થતા ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં જ માલવિયા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. અકસ્માતની ઘટના બનતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.સ્થાનિકોએ કાર ચાલક નશામાં ધૂત હોવાનો દાવો કર્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર અર્જુનસિંહ ઝાલા નામના યુવાને સકંજામાં લઈ નશોમાં હતો કે કેમ? તે અંગે તપાસ હાથ ધરી છે.

# નરસંગપરાના યુવાનનો ગેમઝોનમાં પ્રથમ દિવસ જ જીંદગીનો અંતિમ દિવસ બની ગયો

## જાડેજા પરિવાર ઉપર આભ તુટી પડયુંઃ પિતા પથારી વશ, મૃતક પાંચ ભાઈમાં સૌથી નાનો હતોઃ લાડકવાયાની અંતિમવિધિમાં હૈયાફાટ રૂદન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નરસંગપરા વિસ્તારમાં રહેતા વિશ્વરાજસિંહ જશુભા જાડેજાનો ટીઆરપી ગેમ ઝોનમાં નોકરીના પ્રથમ દિવસ જિંદગીનો આખરી દિન બની ગયો હતો. મૃતકની અંતિમવિધીમાં પરિવારના હૈયાફાટ રૂદનથી નરસંગપરાના વિસ્તારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો.

મૃતકના ભાઈ મયુરસિહ જણાવ્યું હતું કે, વિશ્વરાજસિંહ રેડીમેઈડ કપડાની દુકાનમાં કામ કરતા હતા. આ દુકાન બંધ થતા નવી નોકરીની તલાશ શરૂ કરી હતી. ત્યારે એક પરિચિતે ગેમઝોનમાં નોકરીની



ભલામણ કરતા તેઓ નોકરી કરવા શનિવારે નોકરી ગયા હતા અને આ ગોઝારી આગમાં તેઓ ભસ્મીભૂત થઈ ગયા હતા. મૃતકની ઓળખ માટે તેમના ભાઈના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જે મેચ થયા હતા.

મૃતક પાંચ ભાઈમાં સૌથી નાના હતા અને પિતા બિમારીના કારણે પથારીવશ છે. તેઓને આ બનાવ વિશે કંઈ કહેવામાં આવ્યું ન હતું. પરતું ગઈકાલે ટેસ્ટ મેચ થયા બાદ આજે મૃતદેહનો કબ્જો સોંપવામાં આવ્યા બાદ ઘરે લાવતા તેઓ પડી ભાંગ્યા હતા.અંતિમવિધી વખતે હૈયાફાટ રૂદનના કારણે આ વિસ્તારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો.

# શહેરમાં ગત તા.૨૫ના ગુમ થયેલા લોકોના પરિવારજનોને પોલીસને સંપર્ક કરવા અનુરોધ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ટીઆરપી ગેમઝોન સયાજી હોટલ પાછળ, મોકકાજી સર્કલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આગ લાગવાથી માણસો દાઝી જતા અવસાન પામેલ છે. જેથી આમ પ્રજાજનમાં કોઈના પરિવારનો સભ્ય તા.૨૫/૦૫/૨૦૨૪ થી ગુમ થયેલ હોય તેમજ આ ગેમ જોનમાં ગયેલ હોવાની શંકા હોય તો આ તપાસ કરનાર તથા સીટના અધ્યક્ષ ભરત બી.બસીયા, મદદનીશ પોલીસ કમિશનર, ક્રાઈમ, રાજકોટ શહેરના મો.નં.૯૦૩૩૬૯૦૯૯૦, સીટના સભ્ય એમ.આર.ગોંડલીયા, પો.ઈન્સ., ડીસીબી પો.સ્ટે.ના મો.નં.૯૬૮૭૬૫૪૯૮૯, એસ.એમ.જાડેજા, પો.ઈન્સ., બી.ડિવિઝન પો.સ્ટે. ના મો.નં.૯૭૧૪૯૦૦૯૯૭, આર.એચ.ઝાલા, પો.સબ.ઈન્સ., એલસીબી ઝોન-૨ ના મો.નં.૯૮૨૫૮૫૫૩૫૦, ડી.સી.સાકરીયા, પો.સબ.ઈન્સ., ડીસીબી પો.સ્ટે.ના મોં.નં.૮૦૦૦૦ ૪૦૦૫૦, ડીસીબી પો.સ્ટે. નં.૦૨૮૧ ૨૪૪૪૧૬૫, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ના નં.૦૨૮૧ ૨૫૬૩૩૪૦ તથા રાજકોટ શહેર પોલીસ કંન્ટ્રોલ રૂમ ના નં.૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરવાથી આથી જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

# અગ્નિકાંડમાં મોતને ભેટેલા ધ્રોલના ત્રણ મિત્રોની અંતિમયાત્રા નીકળતા ગામ હીબકે ચડયું

## ગેમઝોન અને પાર્કિંગમાં આગ જોતા પરિવારજનો હેબતાઈ ગયા'તાઃ એકની સગાઈ થઈ હતી, બીજાના ત્રણ માસ પહેલાં લગ્ન થયા હતા, ત્રીજાને પાનની દૂકાન હતી

**મુખ્ય સમાચાર, ધ્રોલ**

રાજકોટના ગેમઝોનના અગ્નિકાંડમાં ધ્રોલના ત્રણ મિત્રોના મોતથી અરેરાટી ફેલાઈ છે. એકની અંતિમયાત્રા રાજકોટમાં અને બીજા બે મિત્રોની ધ્રોલમા સ્મશાનયાત્રા નીકળતા લોકો હિબકે ચડયા હતા.

શનિવારે સાંજે ૪ વાગ્યે મોટા ભાઈએ જયને ફોન કર્યો કે ૫:૩૦એ દૂકાન જોવા જવાનું છે તૈયાર રહેજે.એ પછી ફોન જોડતાં બંધ હતો. અવાર-નવાર તે ગેમ ઝોનમાં જતો હોઇ ત્યાં જતાં પાર્કિંગમાં








કાર અને ગેમ ઝોનમાં ભયંકર આગ જોવા મળતાં સ્વજનો હેબતાઈ ગયા 'તા, જીવીત હોવાના સતત આશાવાદ વચ્ચે ભડથું થયેલા દેહ સોંપાતાં શોકની કાલીમા છવાઈ છે. ત્રણ મિત્રો જય ઘોરેચા, સુરપાલસિંહ જાડેજા અને નમજીતસિંહ જાડેજાની 'આખરી સફર' અતિ કરૂણ બની હતી. પાનની દૂકાન ચલાવતો જયંત (જય) અને ધ્રોલના બે મિત્રોના ગત સાંજે મૃતદેહ સોંપાયા હતા. જય બે ભાઈ એક બહેનમાં નાનો હતોઃ સુરપાલસિંહ જાડેજાની સગાઇ થઇ ચુકી હતી ને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતાં હતાં. નમજીતસિહના ત્રણેક મહિના પહેલા જ લગ્ન થયા હતાં. ધ્રોલ રાજકોટ ટીઆરપી ગેમઝોનમા ધ્રોલ પંથકના જાડેજા સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રે. ધ્રોલ તાલુકાના ખાખરા, જાડેજા નમતજીસિંહ જયપાલસિંહ જાડેજા ધ્રોલના તાલુકાના ગઢડા તથા જય અનિલભાઈ ઘોરેચા રે. રાજકોટ મુળ ધ્રોલના જાયવા ગામ તેમની અંતિમ યાત્રા રાજકોટ ખાતે રાખવામા આવી હતી.

# પ્રગતિ સોસાયટીમાં વૃધ્ધનો અને આજી ડેમના બગીચામાં યુવાનનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ હનુમાન મઢી ચોક પ્રગતિ સોસાયટીમાં રહેતા બેંકના નિવૃત કર્મચારીએ ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ પ્રગતિ સોસાયટીમાં રહેતા દ્વારકાદાસ પ્રભુદાસ મણીયાર (ઉ.વ.૭૬)નામના વૃદ્ધે આજે સવારે ઝેરી દવા પી લેતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાઈ હતી. દ્વારકાદાસ મણીયારને સંતાનમાં એક પુત્ર એક પુત્રી છે. દ્વારકાદાસ અગાઉ બેંકમાં નોકરી કરતા હાલ નિવૃત જીવન જીવતા હતાં. બીજા બનાવમાં આજીડેમ ચોકડી પાસે રહેતા મેહુલ જગાભાઈ ખટાણી (રબારી) (ઉ.વ.૨૫)એ આજીડેમના બગીચામાં ઝેરી દવા પી લેતા તેમે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા છે. આ બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ઘટનાના ૫૪ કલાક બાદ આવેલા રૂપાલાને મૃતકના પરિવારજનોએ ઘેરી લીધા

## અનેક સવાલોના જવાબ આપતા રૂપાલા મુંજાયા કહ્યું હું સતત તંત્રના સંપર્કમાં છું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના મવા રોડ પર આવેલા ગેમ ઝોનમાં ભીષણ આગની ઘટનામાં ૨૮ લોકોના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. ત્યારે છેલ્લા ઘણાં સમયથી વિવાદોમાં રહેલા કેન્દ્રીય મંત્રી અને રાજકોટ બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રુપાલા રાજકોટ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતાં. પરંતુ અહીં મૃતદેહ લેવા માટે રાહ જોઈ રહેલા મૃતકોના પરિવારજનોએ રૂપાલાને ઘેરીને અનેક સવાલો કર્યા હતા. રાજકોટ બેઠકથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા સિવિલ હોસ્પિટલ ખાતે અગ્નિકાંડના પીડિતોને મળવા પહોંચ્યા હતા. આ દરમિયાન મૃતકોના પરિવારજનોએ આરોપ લગાવ્યો કે તમે ઘટનાના ૫૪ કલાક પછી



અહીં આવ્યા છો?

ત્યારે રૂપાલાએ જણાવ્યું હતુ કે, હું બીજા જ દિવસે સ્થળ પર હતો. પણ અહીં આવ્યો ન હતો. જે પ્રક્રિયા થાય તેમાં બાધા આવે તેમ હતી. હું સતત તંત્રના સંપર્કમાં હતો. બીજા દિવસે પણ હું મુખ્યમંત્રી સાથે જ હતો.

અમે સ્વજનોની લાગણી પહોંચાડીશું અને તે લાગણી અનુરુપ એક્શન લેવામાં આવે તે દિશામાં કામ કરીશું. પરશોત્તમ રૂપાલાએ સિવિલહોસ્પિટલમાં અધિકારીઓ સાથેની બેઠક બાદ જણાવ્યું હતું કે, બેનરઓછ મૃતદેહના કેટલા ડીએનએ આવ્યા છે,


કેટલા બાકી છે, કેટલો સમય લાગે તેવો છે તે માહિતી લેવાના આશયથી મે સંબંધીત અધિકારી સાથે ચર્ચા કરી છે. ૧૭ ડીએનએ ટેસ્ટ અહીં પહોંચ્યા છે. ૨૭ મૃતદેહ સ્થળ પરથી મળી હતી. થોડા છુટા અવશેષો પણ મળ્યા છ તમામ મૃતદેહ ગાંધીનગરએફએસએલમાં મોકલ્યા છે અને હજું ૧૦ રિપોર્ટ બાકી છે. બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં સતત ત્રણ દિવસથીમૃતદેહોની રાહ જોઇ રહેલા સ્વજનો ઉપર સરકારી તંત્રને દયા આવી હોય તેમ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં બેઠેલા લોકો માટે ગઇકાલ સાંજથી સમિયાણો બાંધવામાં આવ્યો હતો. તેમજ આજે સવારે આ લોકો માટે ખુરશીઓ ઉપરાંત એરકુલર, પીવાના પાણીની બોટલે સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી આ સેવા કેટલીક સેવાભાવિ સંસ્થાઓ બજાવતી હતી. ત્રણ દિવસથી અનેક લોકો ગેમ ઝોન આગ દૂર્ઘટનામાં મોતને ભેટેલા પોતાના સ્વજનો બે દિવસથી મૃતદેહો સોંપવાની રાહમાં છે.સાંજે પણ ઉશ્કેરાયેલા સ્વજનો અને પોલીસ વચ્ચે ઘર્ષણથયુ હતું.

# આબુ રોડ પરથી ઝડપાયેલા સુત્રધાર એવા ગેમઝોનના માલિક ૧૩ દિવસના રિમાન્ડ મંજુર

## ધવલ ઠકકર પ્રોપરાઈટર હોવા છતા કર્મચારી હોવાનું જણાવી દોષનો ટોપલો ભાગીદારો પર ઢોળવા પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમઝોનમાં લાગેલી ભયાનક આગમાં ૨૮થી વધુ ઝીંદગીઓ હોમાઈ ગયાની દુર્ઘટનામાં ચોથા આરોપીના કોર્ટે ૧૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે પોતે ધવલ કોર્પોરેશનમાં પ્રોપરાઈટર હોવા છતાં કર્મચારી હોવાનું જણાવ્યું હતું બધા આરોપીઓ દોષનો ટોપલો લાપતા પ્રકાશ ઉપર ઢોળતા હોવાનો ઘાટ સર્જાઈ રહ્યો છે હજુ ફરાર ૩ આરોપીની શોધખોળ ચાલી રહી છે. રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં લાગેલી ભયાનક આગમાં ૨૮ ઝીંદગીઓ હોમાઈ ગયાની ગંભીર દુર્ઘટનામાં યુવરાજસિહ હરીસીહ સોલંકી, નીતિન જૈન અને રાહુલ



રાઠોડની ધરપકડ કર્યા બાદ આબુ રોડથી પકડાયેલ સુત્રધાર ધવલ કોર્પોરેશનના ધવલ ભરતભાઈ ઠક્કરનો રાજકોટ પોલીસે કબજો લીધા બાદ આજે સાંજે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો અહીં સ્પેશ્યલ પીપી તુષાર ગોકાણીએ ગઈકાલે રજુ કરેલા રિમાન્ડના ૧૪ મુદા ઉપરાંત પકડાયેલા આરોપીઓ સાથે હાલના આરોપીની ક્રોસ પૂછપરછ કરી વિગત અને પુરાવા મેળવવા હોય, ધવલ કોર્પોરેશન પેઢી ધવલના નામે છે જેથી ગેમ ઝોનની પૂરી માહિતી જાણતો હોવાની શકતા હોવાનું તેમજ આરોપી બનાવ બાદ ક્યાં જતો રહ્યો હતો, કોની મદદથી જતો રહ્યો હતો તે અંગે સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી કસ્ટડીની જરૂરિયાત હોવાના મુદા રજુ કરતા કોર્ટે આગામી તારીખ ૧૦ સુધી એટલે કે ૧૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આરોપી ધવલએ પોતાના બચાવમાં પોતે કર્મચારી હોવાનું કહેતા ધવલ કોર્પોરેશન નામની પેઢી પોતાના નામે હોય તો પોતે કર્મચારી ક્યાંથી હોય શકે તેવી કોર્ટે ટકોર કરી રિમાન્ડ મંજુર કર્યા હતા ધવલ તેમજ ગઈકાલે પણ આરોપીઓએ પ્રકાશ જ માલિક હોવાનું જણાવી દોષનો ટોપલો લાપતા પ્રકાશ ઉપર ઢોળી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# ગેમઝોનના અગ્નિકાંડમાં ગોંડલનો આશાસ્પદ યુવાન ભુંજાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રાજકોટનાં ગેમઝોન અગ્નિકાંડમાં ગોંડલનાં બે આશાસ્પદ યુવાનોનો ભોગ લેવાયો છે.જે પૈકી ખરેડાનાં યુવાનની ઓળખ થયા બાદ ૭૨ કલાક બાદ અન્ય ક્ષત્રીય યુવાનનાં ડીએનએ મેચ થતા મૃતદેહ પરીવારને સોંપાતા



ગોંડલ તેમનાં નિવાસસ્થાનેથી મોડી સાંજે અંતિમ યાત્રા નીકળતા આંસુઓનો દરીયો વહ્યો હતો. રાજકોટમાં સ્સર્જાયેલ અગ્નીકાંડ માં મિત્રો સાથે ગયેલા શત્રુઘ્નસિહ શક્તિસિંહ ચુડાસમા ઉ.૨૦ દુર્ઘટના નો ભોગ બન્યા હોય ૭૨ કલાક બાદ તેમનાં ડીએનએ નો રિપોર્ટ આવતા મૃતદેહ પરીવાર ને સોંપાયો હતો. બાદ માં ગોંડલ આશાપુરા રોડ પર આવેલાં તેમનાં નિવાસસ્થાને થી નિકળેલી અંતિમ યાત્રા માં ભારે હૈયે લોકો જોડાયા હતા.શત્રુઘ્નસિહ બે ભાઈ ઓ નાં પરીવાર માં મોટા હતા.અને રાજકોટ મારવાડી કોલેજ માં બીસીએ.નો અભ્યાસ કરતા હતા.

# સોરઠીયાવાડીના બગીચામાં અને દુધ સાગર રોડ પર બે યુવકનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગુંદાવાડી વિસ્તારમાં રહેતો યુવાન સોરઠીયાવાડી બગીચામાં હતો ત્યારે કોઈ અગમ્યકારણોસર ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગુંદાવાડીમાં રહેતા સિધ્ધાર્થ ભરતપરી ગૌસ્વામી નામનો ૩૨ વર્ષનો યુવાન સાંજના છએક વાગ્યાના અરસામાં સોરઠીયાવાડી બગીચામાં હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી ટીકડા ખાઈ લીધા હતાં. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બનાવમાં દુધસાગર રોડ પર રહેતા ફેજલ અનિફભાઈ સર્વેદ નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં પોતાની જાતે માથાના ભાગે બ્લેડ વડે કાપા મારી લીધા હતાં. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.